ક્રમાંક/જરગઅ/[illegible]/૨૦૧૯-૨૦
જિલ્લા રમતગમત અધિકારીની કચેરી,
જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, પહેલો માળ,
નાનપુરા,સુરત -૩૯૫૦૦૧
તા. ૨૩/૦૭/૨૦૧૯

ઓફિસ-૦૨૬૧-૨૪૬૫૮૦૮

પ્રતિ,
૧.આચાર્યશ્રી/માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સુરત તમામ
૨.કન્વીનરશ્રી/સહ કન્વીનરશ્રી,સુરત શહેર/ગ્રામ્ય ખેલ મહાકુંભ તાલુકા/જિલ્લાકક્ષા

વિષય:-ખેલ મહાકુંભ-૨૦૧૯ ખેલાડીઓના રજીસ્ટ્રેશન કરવા બાબત.
સંદર્ભ:-ક્રમાંક:એસ.એ.જી./ખે.મ.કૂ.૧૯/૨૦૧૯-૨૦ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,ગુજરાત સરકારશ્રીના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર દ્વારા પ્રતિવર્ષની જેમ ચાલુ વર્ષે પણ ખેલ મહાકુંભ-૨૦૧૯ નું આયોજન કરવામાં આવેલ છે. ખેલ મહાકુંભનો હેતું સ્પર્ધા માધ્યમથી રમતગમતનું વાતાવરણ ઊભું થાય રમતના ખેલાડીઓ રમતગમત ક્ષેત્રેમાં આગળ આવી શાળા,ગામ,તાલુકા,જિલ્લા અને રાજ્યને ગૌરવ અપાવવાની દિશામાં પ્રગતિ કરે તેમજ શારીરિક સ્વાસ્થયને તંદુરસ્ત રાખવાના ઉમદા આશય યોજવામા આવે છે.

ખેલ મહાકુંભ-૨૦૧૯માં બહોળી સંખ્યામાં સ્પર્ધક ભાગ લે તે હેતુથી શાળા/ ગ્રામ્ય કક્ષા,તાલુકાકક્ષા,જિલ્લાકક્ષા અને રાજ્યકક્ષા સુધી વિવિધ ૩૫ રમતોનો ૭ વયજુથમાં સમાવેશ કરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે.જેથી ખેલ મહાકુંભ-૨૦૧૯ નું ઓનલાઇન રજીસ્ટ્રેશન તા-૧૫/૦૭/૨૦૧૯ થી ૧૫/૦૮/૨૦૧૯ સુધી WWW.KHELMAHAKUMBH.ORG વેબસાઇટ ઉપરથી કરી શકશે

ખેલ મહાકુંભ-૨૦૧૯ માં અંડર-૦૯,અંડર-૧૧,અંડર-૧૪,અંડર૧૭ તથા ઓપન એજ (સિનિયર)ગ્રૂપમાં શાળામાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ પોતાની શાળામાથી ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજિયાતકરવાનું રહેશે.જેથી આપની શાળાના ખેલાડીઓ વધુને વધુ ખેલ મહાકુંભ-૨૦૧૯ માં ભાગ લે તે માટે સત્વરે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા આથી જણાવવામાં આવે છે. સ્પર્ધાઓનો વિગતવાર કાર્યક્રમ તૈયાર થયે શાળાઓમા મોકલી આપવામાં આવશે.વધુ વિગત માટે સંપર્ક નં-૦૨૬૧-૨૪૬૫૮૦૮ કરવાનો રહશે.

| | | |
|---|---|---|
| જિલ્લા રમતગમત અધિકારી | જિલ્લા રમતગમત અધિકારી | ~~જિલ્લા શિક્ષણાધિકારી~~ |
| સુરત ગ્રામ્ય | સુરત શહેર | સુરત |

<u>નકલ સવિનય રવાના જાણ સારું.</u>

૧.માન.કલેક્ટરશ્રી,કલેક્ટર કચેરી,સુરત
૨. માન.કુલપતિશ્રી વી.ન.દ.ગુ.યુનિવર્સીટી, સુરત
૩.માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી,સુરત
૪.પ્રાંત અધિકારીશ્રી,તમામ જિ.સુરત ૫.પ્રચાર્યશ્રી જીલલ શિક્ષણ તાલીમ ભવન,સુરત
૬.મામલતદારશ્રી,તમામ જિ.સુરત ૭.તાલુકા વિકાસ અધિકારીશ્રી,તમામ જિ.સુરત
૮.સિનિયર કોચશ્રી.જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર.સરત

Scanned by CamScanner